**આંક–૧ નીચે હુકમ**

(૧) ફરીયાદ પક્ષે આરોપી વિશાલસિંહ કિર્તીસિંહ ઝાલા વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૨૩ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૧ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) હાલના કામની એફ.આઈ.આર. પોલીસ દવારા આરોપીની સામે નોંધવામાં આવેલ છે અને તે એફ.આઈ.આર.ના કામે પોલીસ એજન્સી દવારા જ ગુનાની તપાસ કરી ભારતીય નાગરીક સુરક્ષાની કલમ–૧૯૩ મુજબ નવા સુધારાને આધીન ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે.આ કામે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૨૩ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૧ અન્વયેનું તહોમત મૂકેલ છે કે આરોપીએ પોલીસ કમીશ્નરશ્રી/ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર ધ્વારા બહાર પાડેલ જાહેરનામાનો ભંગ કરેલ છે. સદરહું કલમ મુજબ જયારે કોઈ વ્યકિત, જાહેર સેવકે કાયદેસર જાહેર કરેલા હુકમનું પાલન ન કરે ત્યારે ગુનો બને છે.

(૩) આ કામે આરોપીને તપાસ કરનાર ધ્વારા ચાર્જશીટ સાથે અત્રેની કોર્ટમાં હાજર રાખવામાં આવેલ છે અને તેઓને સદર ગુનાના તમામ કેસ પેપર બી.એન.એસ.એસ.૨૩૦ મુજબ પુરા પાડયા બાદ તેઓને સદર ગુનાની વિગત સમજાવતા તેઓ ગુનો કબુલ કરવા માંગતા હોય તે સબબની વિગત પોતાના નિવેદનમાં જણાવેલ હોય અને તે અન્વયે તેઓએ અલગથી ગુના કબુલાતની પુરસીસ પણ આપેલી હોય તે માનસહ વંચાણે લીધી.

(૪) આ કામે ઉપરોકત રજુ થયેલ વિગત ધ્યાને રાખી આરોપી સ્વૈચ્છાએ કોઈપણ લોભ, લાલચ, પ્રલોભન વગર સ્વૈચ્છાએ ગુનો કબુલ કરવા માંગતા હોય તેમજ તેઓનો પ્રથમ ગુનો હોવાનું રજુ રેકર્ડ જોતાં જણાતુ હોય, જેથી તેઓને સુધરવાની એક ઉત્કુષ્ઠ તક મળી રહે તે હેતુથી તેઓને સદર કામે ન્યાયના હિતમાં નીચે મુજબનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

(૧) આ કામના આરોપી વિશાલસિંહ કિર્તીસિંહ ઝાલા ને બી.એન.એસ.એસ.૨૭૫ મુજબ પોતાનો ગુનો કબુલ કરતા હોય જેથી બી.એન.એસ.૨૨૩ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૧ ના કામે આરોપીને તકસીરવાર ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ન ભરે તો, આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી આજરોજ સ્પે.સીટીંગ /નેશનલ લોકઅદાલતમાં જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬

(નારણ હરદાસ નંદાણીયા)
ત્રીજા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં.GJ00906

ટી.એન.રાઠોડ